ગાંધીનગર સમાચાર
તા. ૭-૬-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ભિંડરાવાલેનું ભૂત ભાજપને ભારે પડ્યું

ભિંડરાંવાલેનું સર્જન મૂળે તો ઈંદિરા-સંજયયુગમાં પંજાબના અકાલી રાજકારણ સામે પડકાર ઊભો કરવાના રાજકીય ઈરાદાથી થયું હતું. પરંતુ એક વાર વાઘને લલચાવી-ફોસલાવી એના પર સવારી કરનારનો એ વાઘ ક્યારે કોળિયો કરી જશે, એનો અંદાજ એ સવારી કરનારને રહેતો નથી. ભિંડરાવાલે ઘટના એનો જીવંત દાખલો બની રહી હતી. પંજાપને ખીસામાં મૂકી દઈ આડેધડ આતંકવાદ ફેલાવનારા લોહીતરસ્યા ધાર્મિક નેતા સામે કડક કાર્યવાહી કર્યા વગર ચાલે એમ જ નહોતું. તત્કાલિન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ 'ઓપરેશન બ્લુ સ્ટાર' નું જોખમ ખેડ્યું ત્યારે એમને પોતાના માથે મોત ઝળૂંબી રહ્યું છે, એની પણ ખબર હતી જ. શીખોના પવિત્ર સુવર્ણમંદિરમાં છુપાયેલા ભિંડરાંવાલેને જેર કરવા સૈન્યને 'હરમિંદર સાહેબ' અને 'અકાલ તખ્ત' જેવા શીખ સમુદાયનાં સર્વોચ્ચ આસ્થા કેન્દ્રો પર રીતસર આક્રમણ કરવું પડ્યું હતું. આખરે સુવર્ણમંદિરમાં છુપાયેલા ખાલિસ્તાન આતંકવાદીઓના 'આકા' ગણાતા સંત ભિંડરાવાલે ઠાર મરાયા હતા. ભિંડરાવાલે અને એમના સાથીઓ ને 'શહીદ'નો દરજ્જો આપી વરસોવરસ ઉજવણી કરતા રહેતા ખાલિસ્તાન સમર્થકોએ આ વર્ષે જમ્મુ વિસ્તારને બાનમાં લીધો છે. એક તરફ કાશ્મીરના ખીણ વિસ્તારમાં અલગતાવાદીઓ આંતરે દિવસે પાકિસ્તાની ઝંડા ફરકાવતા રહે છે અને 'કાશ્મીરને આઝાદ કરાવીને જંપશું' - એવી પ્રતિજ્ઞાઓ લેતા રહે છે. યાસીન મલિક અને સૈયદ શાહ અલી ગિલાની જેવા અલગતાવાદીઓ ધરાર કાશ્મીર પર હિન્દુસ્તાન કરતાં પાકિસ્તાનનો હક હોવાનાં નિવેદનો કરતા રહે છે. આ મુદ્દો પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ અને પાક આર્મીના વડા રાહીલ શરીફ પણ ઉઠાવતા રહે છે. બીજી તરફ જમ્મુમાં ખાલિસ્તાનના ઝંડા ફરકાવાઈ રહ્યા છે. પાકિસ્તાન અને ચીન જેવા પાડોશી રાષ્ટ્રો નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી આવી ઘટનાઓ વધુને વધુ પ્રોત્સાહન આપે છે. ચીન પાકિસ્તાનને એનું 'કુદરતી દોસ્ત' ગણે છે. ભારત સાથે તો એને ફક્ત વેપાર વાણિજ્ય પૂરતા ડિપ્લોમેટિક સંબંધો જાળવવામાં જ રસ છે. જમ્મુ અને કાશ્મીરમાં પીડીપી-ભાજપની હકૂમત સ્થપાયા પછી પરિસ્થિતિ વણસી છે, તે દીવા જેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મૂખ્યમંત્રી ઓમર અબદુલ્લાએ આ મુદ્દે મોદી સરકાર પર તીખો કટાક્ષ પણ કર્યો છે. પરંતુ કેન્દ્ર સરકાર હજી આવાં તોફાની તત્ત્વો સામે પરિણામદાયક પગલાં ભરી શકી નથી. શીખોની સહાનુભૂતિ અને સમર્થન મેળવવા ભારતીય જનતા પાર્ટીના અડવાણીથી લઈ મોદી સુધીના નેતાઓ ઈંદિરા ગાંધીની હત્યા પછી દિલ્હીમાં થયેલી શીખોની કત્લેઆમનો હવાલો આપતા રહ્યાં છે. ગુજરાતનાં રમખાણોની ઢાલ તરીકે વારંવાર દિલ્હીમાં થયેલા શીખોના નરસંહારની ઘટનાનો ભાજપ દ્વારા ઉપયોગ થતો રહ્યો છે. ભિંડરાવાલે તો દેખીતા દેશદ્રોહી હતા - અલગ ખાલિસ્તાનના આંદોલનના સૂત્રધાર હતા. એથી એમને ગૌરવાન્વિત કરવાનું જોખમ તો ભાજપ કેવી રીતે લઈ શકે! પણ એમની તથાકથિત 'શહીદી'નું વેર વાળવા ઈન્દિરા ગાંધીના ત્રણ શીખ અંગરક્ષકોએ ઈન્દિરાની ક્રૂરતાપૂર્વક હત્યા કરી એની પ્રતિક્રિયા સ્વરુપે ફાટી નીકળેલાં તોફાનો માટે એ હરહંમેશ કોંગ્રેસ સામે આક્ષેપબાજી કરતું રહ્યું છે. જમ્મુમાં પરિસ્થિતિ વધુ ન વણસે એ હેતુથી પીડીપી - ભાજપ સરકારે પોલીસ અધિકારીઓને બલિના બોકડા બનાવ્યા છે અને મરનાર યુવક પર ગોળી છોડનાર પોલીસમેન સામે કલમ ૩૦૨ મુજબ કેસ નોંધ્યો છે! આટલું કર્યા પછી શીખોએ જમ્મુ - પઠાનકોટ હાઈવો ખુલ્લો થવા દીધો છે.દિલ્હીમાં શીખોનાં ટોળાં કોંગ્રેસ મુખ્યાલય પર પહોંચી શીખ નરસંહારના કથિક ગુનેગાર જગદીશ ટાઈટલરને ગિરફતાર કરવાની તથા સોનિયા ગાંધીને એમના પદ પરથી હટાવવાની માગણી કરી ચૂક્યા છે. ભાજપ માટે અકાલીદળ અને શીખો એક પ્રકારની વોટબેંક બની રહેલ છે. ભિંડરાવાલેનું પોસ્ટર હટાવવાનું જમ્મુ પોલીસને ભારે પડી ગયું છે! આનું નામ તે રાજકારણ.

જોડણી છોડીને માત્ર વાકય અને રચનાને મહત્વ અપાય તો ગુજરાતીનું પરિણામ સુધરે : ડૉ. સોમભાઈ પટેલ

ગુજરાતી વિષયમાંથી છંદ, સમાસ, સંધિ, અલંકાર, પ્રત્યય વગેરેને હટાવો : માત્ર વાકય રચનાની શુધ્ધિને મહત્વ આપો

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં જાહેર કરાયેલા એસએસી બોર્ડની પરીક્ષાના પરિણામોમાં ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓના નબળા ગુણ ઉડીને આંખે વળગે તેવા જણાયા છે. આ બાબતે ગાંધીનગરના સૌથી મોટા શિક્ષણ સંકુલ સર્વ વિદ્યાલય કડી કેમ્પસના કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલે ગુજરાતી ભાષામાં જોડણી, સમાસ, છંદ, અલંકાર અને પ્રત્યયો વગેરેને છોડીને માત્ર વાકય રચનાની શુધ્ધિને મહત્વ આપવામાં આવે તો ગુજરાતી ભાષાના વિષયનું પરિણામ સુધરી શકે તેવું મંતવ્ય પ્રસ્તુત કર્યું છે.

સોમભાઈ પટેલના મતે વિશ્વની અન્ય ભાષાઓની માફક ગુજરાતી પણ મિક્ષ બની રહી છે તેમાં વધુને વધુ અંગ્રેજીનું મિશ્રણ થઈ રહ્યું છે જેથી તે ગુજલીશ અથવા ગુજરેજી બની રહી છે. અંગ્રેજી પોતે પણ જર્મન, ફ્રેન્ચ, ગ્રીક અને લેટિનનું મિશ્રણ છે. માટે દુનિયામાં તે સર્વોપરી છે. જેમ ખાન-પાન, રહેણી-કરણી વગેરે બધું મિશ્ર બની રહ્યું છે તેમ સંસ્કૃતિ સમન્વયની આ પ્રક્રિયામાં ભાષા પણ મિશ્ર બને તે સ્વાભાવિક છે તેને આવકારવું જોઈએ. નદીઓ એકમેકમાં ભળે તેમ ભળી રહેલી ભાષાથી કોઈ હાનિ નથી તેમના મતે ગુજરાતી ભાષામાંથી જો સંધિ, સમાસ, છંદ, અલંકાર અને પ્રત્યયોને અભ્યાસક્રમમાંથી હટાવી દેવાય તેમજ જોડણીમાં તમામ દીર્ઘ ઈ અને તમામ હ્સ્વઉ જ રખાય અને માત્ર વાકય રચનાની શુધ્ધિને મહત્વ આપવામાં આવેતો પરિણામ ચોકકસપણે સુધરી શકે. આજકાલ મધ્યમ અને ઉપલો વર્ગ અંગ્રેજી માધ્યમ તરફ વળી ગયો હોવાથી ગુજરાતી માધ્યમમાં માત્ર શ્રમજીવી વર્ગના બાળક જ અભ્યાસ કરે છે તે પણ નબળા પરિણામનું કારણ હોવાની સાથે ગુજરાતીના ગુણનો કારકિર્દી લક્ષી કે પ્રવેશલક્ષી કોઈ ઉપયોગ થતો ન હોવાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ તે બાબતે ઓછું લક્ષ્ય આપતા હોવાનું તારણ રજૂ કર્યું છે.

હરિની દૃષ્ટિ...

બેબી ફેઇલ થઇ છે... એને જરા પણ ધમકાવશો નહીં... એ નુડલ્સ ખાઈ જવાની ધમકી આપે છે..!!

વિશ્વ પર્યાવરણ દિવસે પૃથ્વીની કાળજી રાખવા સંદેશ આપ્યો

ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આજે સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. સાતસો કરોડ લોકોના સ્વપ્નો સાકાર કરવા આપણી એકની એક જ પૃથ્વીની કાળજી વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. સાયન્સ સેન્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી યોજાયેલ કાર્યક્રમમાં પર્યાવરણલક્ષી પ્રશ્નોત્તરી ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં બાળકો વચ્ચે પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી. પ્રકૃતિ પર ચર્ચા કરી વિવિધ મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નગરના ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

પર્યાવરણ અંતર્ગત કાર્યક્રમમાં યુ.આર. શાહ, આસીસ્ટન્ટ એન્વાયરમેન્ટ એન્જીનીયર, નરેશભાઈ ઠક્કર, ડૉ. અનિલભાઈ પટેલ, ગિતેશભાઈ સુથાર, નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પર્યાવરણ બચાવવા માટેના કાર્યક્રમો કરવામાં આવે છે. સેન્ટર દ્વારા બાળકોને વિજ્ઞાનલક્ષી અને અંધશ્રદ્ધા જેવા કાર્યક્રમો કરી બાળકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરે છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે પર્યાવરણ બચાવવા બાળકો વચ્ચે પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ

આજે દેશભરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લોકોને પ્રકૃતિ શુ છે તેની માહિતી પુરી પાડવામાં આવી હતી. વૃક્ષો અને જંગલો બચાવવા સંદેશો આપવામાં આવ્યા. સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટરે બાળકોને આપણી પૃથ્વીની જાણવણી કેવી રીતે કરવી તે વિશે માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાયન્સ સેન્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી યોજાયેલ કાર્યક્રમમાં પર્યાવરણલક્ષી પ્રશ્નોત્તરી ચર્ચા કરવામાં આવી હતી.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

કેન્સર અંગે સામાજિક જાગૃતિ તેમજ કેન્સર પીડિતોની સહાય માટે કાર્યરત સંસ્થા રેસ-રેઈન ઈન કેન્સરના ઉપક્રમે વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે સે-૨૪ ખાતે મહેતા કલાસીસના સહયોગથી આયોજીત કાર્યક્રમમાં રેસ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા બાળકોને તમાકુથી થતાં કેન્સર તેમજ ફેફસા અને પેટના ગંભીર રોગો વિષે જાણકારી આપી માહિતીપ્રદ સાહિત્યનું વિતરણ કરવા ઉપરાંત તમાકુ સહિતના વ્યસનોથી મુકત રહેવાના શપથ ગ્રહણ કરાવામાં આવ્યા હતા. આ પ્રસંગે રેસ સંસ્થાના સર્વશ્રી માધુરીબેન શુકલા, યાત્રી રામજી, ભામિની કનૈયા, ગુલાબચંદ પટેલ, વર્ષાબેન મહેતા, ચેતન મહેતા તથા જાણીતા જયોતિષવિદ શ્રી અંબારામ દા. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

એની પણ એક મજ્જા હતી... : પાસ્ટ રીવીઝીટેડ...!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

ચારેકોરથી ઠંડો પવન આવે...એય ને પગ જરા સરખો એક્સીલેટર દબાવો કે પવનવેગે ઉડે... આખું ફેમીલી બેસી જાય તોય ખાવાના ડબ્બાથી લઈને પાથરવાની સાદડી ને વાંચવાના મેગેઝીનનો થપ્પો ય ખડકી શકાય...ચાલુ ગાડીએ ફિલ્મ પણ જોવાય કે અરીજીતને પણ સાંભળી શકાય પણ તોયે...તોયે...મન તો વળીવળીને ચારપાંચ કિકે સ્ટાર્ટ થતા લ્યુના કે નમાવીને કીક મારતા લેમ્બ્રેટા કે બજાજ કબ ને જ કેમ યાદ કર્યા કરતુ હશે? ભલેને હાથમાં સાઈઠકે ના સેલફોનમાં નોનસ્ટોપ ઈમેલ ને મેસેજીસ ચમકારા કર્યા કરતા હોય તોયે બપોરે હજુયે ક્યારેક ક્યારેક આવતા ટપાલીના થેલામાંથી લાઈટફોનના બીલને બદલે ક્યારેક તો કોઈનું સરસ રીતે લખેલું પોસ્ટકાર્ડ કે આંતરદેશી નીકળે એવી ઈચ્છા કેમ થતી હશે ભલા? ભલેને વાતાનુકુલિત રેસ્ટોરન્ટના આરામદાયક સોફા પર ૭૦૦ રૂપિયાનું સિઝલર પ્લેટમાં પડ્યું હોય તોયે કેમ રહી રહી ને છગન કે ભોલીયાની તૂટલી ફૂટલી લારી એ તળાતા અને પછી એય ને બાજુની દુકાનના ઓટલે બેસીને કાગળની પસ્તીમાં ખવાતા સમોસા યાદ આવે? આવે યાદ આવે જ...ને જો યાદ નાં આવે તો ફ્યટ છે ને જિંદગીને ભૂરા...!!

લખનાર કે વાચનાર સહિતના કોઈમાંથી એક એવો ઈન્સાન બતાવો જેને વો કાગજકી કશ્તી વો બારીશ કા પાની વારંવાર પરેશાન નાં કરતુ હોય. આમ તો આને પરેશાન કરવા કરતા માલામાલ કરવું વધુ ગણી શકાય. યસ, જીંદગીમાં ભલેને કોઈ પણ સ્ટેજે પહોચી ગયા હોવ, ગમે એટલી સગવડોના ધની થઈ ગયા હોવ પણ એ અગવડોમાં છુપાયેલી સગવડોનો દોર યાદ આવે આવે ને આવે જ અને એ અગવડો નો દોર કે પછી વધુ સરળ ભાષામાં ભૂતકાળની યાદો ભલે ને કડવી હોય કે મીઠી પણ અંતે તો અમુલ્ય જ હોય... હજુયે પર્સના ચોરખાનામાં એક રૂપિયાની પેલી મસ્ત ચોરસ પણ નહિ ને લંબચોરસ પણ નહિ એવી નોટ ઘણાયે સાચવી જ હશે. ભલે ને આગલા ખાનામાં પડેલી હજારની નોટોની થપ્પી તમને શ્રીમંતાઈનું આશ્વાશન આપે પણ એ એક રૂપિયાની નોટમાં ખિસ્સા ભરીને આવતી પેલી ખટમીઠી ગોળીયું જેવી જાહોજલાલી ક્યાં? પાંચ પૈસામાં તો પેલી એરોપ્લેન, હાથી, પતંગ ને એવા કૈક આકારોવાળી તીખી પીપરમેન્ટથી ખિસ્સું ભરાઈ જતું.....ને અત્યારે...? ૧૦૦ રૂપિયાની જી લલ્ચાયે રહા નાં જાયે વાળી સિલ્કમાં પણ પેલી પાર્લેની પાંચ પૈસાવાળી ચોકલેટ જેવી મજ્જા ક્યા..? એ તો મેલોડી ખાવ તો જ ખુદ જાન જાવ જેવું છે. ટીવીમાં ભલેને ૪૦૦ ચેનલું આવતી હોય પણ સાલ્લુ પેલું રુકાવટ કે લિયે ખેદ હૈ જેવી મજા ક્યાં કે પછી નોનસ્ટોપ ને એય પાછું એચડીમાં આવતા મેચો વચ્ચે અગલા પ્રસારણ અબ દિલ્હીસે થોડીદેર મેં...એવું ત્યારે વિલન લાગતું પણ અત્યારે બહુ યાદ આવતું પાટિયું ક્યાં..? ભલેને ત્યારે સજા લાગતી હતી પણ અત્યારે? અત્યારે યાદ આવે તો તરત બોલી જવાય કે સાલ્લુ એની પણ એક મજા હતી...!! હતી કે નહિ??

એક રૂપિયાનો આખો ને ૫૦ પૈસાનો અર્ધો....કેપીસીટી મુજબ શેરડીના રસનો ગ્લાસ લેવાનો અને ક્યારેક હક્કથી તો ક્યારેક બસ આ છેલ્લી જ વાર એમ કહી કહીને એક્સ્ટ્રા બરફ કેટલાએ નંખાવેલો..? બોલો જોઈ? કેવી મજા હતી હે...એય ને જેટલી વાર બરફ નખાવો એટલી વાર ગ્લાસ પાછો ફુલ્લ...!!! પીળા કે લીલા કલરવાળી ગુલ્ફીઓ પેટમાં પડતા જ અદ્ભુત ઠંડક આવી જતી..જાણે હિમશીલા ગળી ગયા હોઈએ...!! સાવ સફેદ સાડલો પહેરીને બેઠેલી વિધવા જેવી દીવાલો (પછી એ ઘરની હોય કે બહારની) જોઈને નિસાસો નીકળી જાય ને જો એમાયે કોઈ ટેણીયાને એ દીવાલો પર લીટા તાણતા જોઈએ તો એમ થાય કે ચાલ ભેરુ આપણેય ઈંટનો ટુકડો કે કોલસાની કણી લઈને માંડી આડાઅવળા લીટા કરવા કે પછી મોર કે હાથી ચીતરી કાઢીએ...લીટરલી એમ જ જેમ વર્ષો પહેલા નિશાળની દીવાલે કે કોઈના ઘરની પછીતે ચીતરતા...!! ભલેને ચકાચક ગ્લેઝડ ટાઈલ્સથી મઢેલો હોય ને સેંકડો જલધારાવાળો ફુવારો ચાલુ હોય પણ ક્યારેક તો એમ થતું જ હશે કે આ બાથરૂમ નદીનો ઘૂનો બની જાય ને પછી એય ને એમાં નદીકાંઠાના ચા પથ્થર પર ચડીને મારવા માંડી ધુબાકા...પાણીમાં ઉંચેથી પડતા ઓલમોસ્ટ ઉઘાડા શરીરના છપ્પાક દઈને નદીમાં પડવા જેવો મધમીઠો અવાજ બંધ બાથરૂમમાં ક્યા?

પૈસા વધી ગયા તો મુસાફરી ય વધી ટ્રીપ યુ નો...! પણ માંબાપની હારે ધક્કામુક્કી અને ગીર્દીવાળી બસમાં કે પછી ગાડીમાં (આઈ મીન..ટ્રેન) મહા મહેનતે મળેલી બારી પાસે બેસીને ના જોયેલા ડુંગરા, ગામ કે પછી શહેરો જોવાની મજા બલુનની જડબેસલાક બારીમાંથી દેખાતા એકસરખા વાદળોમાં શોધતા ફરીએ છીએ...પણ નાં રે...એ દ્રશ્ય હવે આ ઉડનખટોલાના ટ્રીપકાર્ડમાંથી ગુમ છે. ઉઘાડા ડીલે સુકાયેલી નદીના પટમાં કે શાળાના મસમોટા મેદાનમાં વેકેશનની આખી બપોર કાળઝાળ તડકામાં ક્રિકેટ રમતા પણ હરામ જો કોઈ દિવસ ગરમી તો જો બાપલીયા એવું બોલાયું હોય તો...? ઉનાળા અને વીજળીરાણીને તો બાપ્પે માર્યા વેર રહેતા ત્યારે શરીરે ઓઢેલા ભીના પનીયામાંથી ચળાઈને આવતી ઠંડી હવા વગર સર્ટીફીકેટે ફાઈવ સ્ટાર રેટિંગના એસીનોય બાપ હતી. આ જયારથી સેન્ટીગ્રેડને સેલ્સિયસની શોધ થઈ ત્યારથી સાલુ જરાક તાપ પડતા જ એસીની સ્વીચ ઓન થઈ જાય છે. સમજાતું નથી કે ગરમી બદલાઈ છે કે આપણે..? સ્લીપવેલ લખેલા ગાધ્લાઓમાં પણ જયારે સ્લીપ નથી આવતી ત્યારે યાદ આવે કે ખુલી જમીન કે લાદીવાળી ફર્શ પર પણ એક ઘે સવાર પડતી...ત્યારે ઉજાગરા નહોતા ને...ત્યારે સવારે ઉઠવા માટે એલાર્મ પણ નહોતા ને...ત્યારે ઊંઘ હતી...જેને કોઈ સ્લીપવેલની જરૂર નહોતી પડતી... અત્યારે સ્લીપ પીલની પડે છે... કારણકે એ ફર્શ ક્યાં? યાદ તો આવે જ ને...!!

ને પેલું ઠંડી રાતે ધાબા પર ટાઢાંબોળ ગાદલામાં સુતા સુતા ચાંદામામાને આખાયે આકાશમાં રખડતા જોવાનો જલસો....! ધાબુ તો હજુયે છે, કદાચ એનાથી પણ મોટું પણ સંકાંત સિવાય સીડીઓ ચડ્યું છે જ કોણ? ધાબાની ક્યા માંડો છો સાલું જીવનની આપધાપીમાં છેલ્લે ક્યારે ઊંચું જોઈને ચાંદને એટલી નિરાંતથી જોયો હશે? ગોડ ક્નોઝ..! સવારમાં ઓફીસ જતી વખતે કબાટમાં રહેલા કપડાના ઢગલામાંથી શું પહેરવું એની ગડમથલ વખતે વારતહેવારે જ શિવડાવાતા એક કે બે જોડી કપડા કેવા યાદ આવે...ને એ એકબે જોડી પણ જીવથી વધુ સચવાતા...ખાસ સમયે જ કબાટમાંથી બહાર નીકળતા ને પાછા અંદર પણ મુકાઈ જતા..!!! ત્યારે આ ગડમથલ નહોતી....પહેરવાનો આનંદ હતો.....ઈસ્ત્રી તો હતી જ નહિ પણ હોય તો ઈસ્ત્રી બગડી જશે એવો ડર પણ નહોતો..! ચુલા કે પ્રાઈમસ પરની તાવડીમાંથી ગરમાગરમ ઉતરતી અને ઉપર ઘીના મોટ્ટા લોંદાવાળી રોટલી જ બ્રેકફાસ્ટ હતો...એ જ સીરીયલ હતી ને એ જ બ્રાઉન બ્રેડ..ને આ લોંદો ઘી એટલે બટર...પ્યોર હેલ્થી...હોમમેડ બટર... રંગબેરંગી જેલીને મોઢામાં મુક્તી વખતે આંબલી પર ચડીને પાડેલા કાતરાને મીઠામાં બોળીબોળીને આંખો બંધ થઈ જાય એવા ખટમીટ્ટા સિસકારા અચૂક યાદ આવે કે નહિ..?

ફૂટપાથ પર કે પછી ચમકદાર સ્ટોરમાં સચિન કે બચ્ચનના ગ્લોસી પોસ્ટરો પર હાથ ફેરવતા ફેરવતા રદ્દી લાગતા છાપાઓમાંથી કે પછી મહામહેનતે ખરીદેલા સ્પોર્ટ્સ મેગેજીનમાંથી સાવધાનીથી કટ કરીને નોટમાં લગાડેલા કેટલા ફોટાઓ આંખ સામે પસાર થઈ જાય? મોબાઈલની સ્ક્રીન પર આખો મેચ અને સ્કોરકાર્ડ લાઈવ ભલે મળે પણ છાપામાં છપાયેલા અનુસંધાનવાળા સ્કોરબોર્ડ કાપી કાપીને નોટબુકમાં ચોટાડવાની મજા ક્યાં? હજુ ક્યારેક જુના ખેરીચામાંથી સંઘરેલી આવી નોટબુકો મળી આવે તો જાણે અલ્લાઉદ્દીનનો ચિરાગ મળ્યા જેવો આનંદ થાય. થાય કે નહિ? મોબાઈલ કે ટેબ્લેટમાં ભલે ને સબવે સર્ફર કે ટેમ્પલ રન કે કેન્ડી ક્રશ ફુરસદે રમી લેતા હોય પણ ફરજીયાત ટીવીની પાસે જ બેસવું પડે એટલા જ લાંબા વાયરવાળા રીમોટને પકડીને કલાકો સુધી વીડીયોગેમમાં કોબ્રા મારિયો કે પછી ટેનીસની મેચ રમવાની બી કેવી મજા હતી ને એમાયે હારવા આવીએ એટલે ગેમની કેસેટ હલાવી નાખવાની, ગેમ રીસ્ટાર્ટ ને આપણે હારવામાંથી બચ્યા...!! આંગળીના ટેરવે ભલેને આરામદાયક હોલમાં કમ્ફર્ટેબલ સીનેટીકીટ બુક કરાવી લઈએ છીએ પણ એ વાર્તા કહેવાનું નથી ભૂલતા કે કેવા એડવાન્સ બુકિંગની લાઈનમાં કે પછી ઈવન શો ટાઈમે સિનેમામાં ઘુસવા ટાણે પણ લાલાઓ કે સિનેમાવાળાઓની લાકડીઓ ખાધેલી.

કરોગે યાદ તો હર બાત યાદ આયેગી.....એવું નથી હોતું કે ચીજ અપડેટ થઈ એટલે બેસ્ટ જ થઈ ગઈ....નો ડાઉટ ઘણા કિસ્સામાં એ સાચું પણ હશે કે સગવડતા વધે એમ એના ફાયદાઓ પણ વધે પણ ઘણી વાર ટાંચા સાધનો કે ઓછી સગવડતા વાળી જિંદગી / પ્રસંગો / પરિસ્થિતિને જીવવાની પણ એક મજ્જા હોય છે અને બીલીવ મી એની યાદ પણ લાંબો સમય સુધી સચવાય રહે છે. વાત આખી સેન્ટી લાગશે પણ સાચું કહેજો કેટલાયે એવા પ્રસંગોએ કે પછી કેટલીયે એવી ચીજવસ્તુઓ ખરીદતી કે વાપરતી વખતે આપણને અચૂક ગુજરા હુઆ વો જમાના યાદ આવી જ જાય જયારે એવા જ પ્રસંગ કે વસ્તુનું સિમ્પલ વર્ઝન પણ કેટલું મધમીઠું લાગેલું...! ઈમેલ અને ડબલ બ્લુ ટીકના જમાનામાં કોને અનરીડ મેસેજીસ વાચવાની પણ ફુરસદ છે, છો ને એમાં કોઈ અગત્યનો મેસેજ કેમ નથી...પણ કબાટના કોઈક ખૂણેથી વર્ષો પહેલાનું કોઈનું સાચવેલું પોસ્ટકાર્ડ મળી આવે તો સમજાય કે સમાચાર એટલે શું ને મેસેજ એટલે શું? જીબીમાં ભરેલા ગીતો અને વિડીયોને ફોરવર્ડ કરતા ક્યારેય યાદ આવી છે પેલી જતનથી સાચવેલી કેસેટો? જો યાદ આવે તો ક્યારેક હાથ ફેરવીએ તોયે અંદરથી કિશોરલત્તારફી એમ જ ગાઈ ઉઠે..!!! મિનરલની બોટલ ગટગટાવતી વખતે કે આર.ઓ. ના પાણી પીતી વખતે ક્યારેય એમ થયું કે પરબની નાંદો, નદીમાં ગાળેલા વિરડાઓ કે ખેતરના ધોરીયા(નીક) માંથી ધરાઈને પાણી પીધેલા પાણી હોવા છતાયે ક્યાં કોલેરા ને ડાયેરિયા થતા...?

નદીની કોતરમાં ભેગા થવામાં કે પછી ગામના પછવાડે મોઈ દાંડિયા રમવા જવામાં કે ખેતરોમાં શેરડી ચણા-મગફળીના ઓળાની મહેફિલ જમાવવામાં કે પછી એય ને ભાંગતી રાતે વાડાઓમાં તરબૂચ કે ટેટીની સ્પેશીયલ પાર્ટી ગોઠવવામાં ક્યાં વોટ્સઅપ કે ફેસબુક પર ગ્રુપ બનાવવું પડતું હતું !! ભાયબંધનું મોઢું જોઈને ખબર પડી જાતી કે બકાને શું તકલીફ છે ને અત્યારે તો મેસેજમાં ડબલ બ્લુ ટીક આવે તોય બિન્દાસ કહી દયે કે આઈ ડીડન્ટ રીડ બડી...!!!! ત્યારે નાપાસ થવું ઘોર અપરાધ ને પાસ થવું કારગીલનું યુદ્ધ જીત્યાથી પણ વધુ બહાદુરીનું કામ હતું. સ્કુલમાં ગમે ત્યારે ઘંટ વાગી જતો ને ગમે ત્યારે સાહેબની સોટીનો સોળ પણ પીઠ કે હાથમાં ઉપસી આવતો. સવારે વાન પકડવા દોડતા બાબા કે બેબીના ઉપાડેલા દફ્તરથી યાદ નથી આવી જાતું કે ત્યારે દફ્તર એટલે થેલી ને પુસ્તક એટલે સ્લેટ જ હતી...જે ગણો એ બધું એમાં જ આવી ગયું...ને તોય મામલતદાર પણ થતા ને કલેકટર પણ...!! એફબીમાં કોઈએ બટરમકાઈ ખાતા ફોટામાં આપણને ટેગ્યા હોય ત્યારે સાલ્લુ એમ થાય કે ત્યારે એફબી હોત તો દર મીનીટે એક ફોટો અપલોડ થાત ને ગામ / સગા વહાલા ને ખાસ તો ભાયબંધુનું આખ્ખેઆખ્ખું ટોળું પણ ટેગાત... ફલાણા ફલાણા અપલોડ એ ન્યુ ફોટો...અને પછી કેપ્શનમાં લખાત... નદીમાં ધુબાક્કાભેર નહાતા... સ્કુલમાં લેશન વગર આવ્યેથી ક્લાસની બહાર ઉભા રહેતા....ગામના ભાગોળે આવેલા આંબા પરથી કેરીઓ તોડતા... ચોકમાં આવેલા ભવાઈયાઓને જોવા સમી સાંજથી જગ્યા રોકતા... ઘરની પછીતે કુંડાળું કરીને લખોટીએ રમતા..!! ઓહો... કેટકેટલા આલ્બમ ક્રિયેટ થતા જ ગયા હોત..!!! ઉફ્ફ્ફ્ફ્ફ્ફ સાલ્લ્લી એની પણ એક મજા હતી.....હે કે નઈ....!? અગવડ હતી કે સગવડ એ નક્કી કરો એ પહેલા દિમાગ કી બત્તી જલી જલીને યાદ કરાવે કે યસ ઈટ વોઝ એ પીરીયડ વેન વિ ફાઈન્ડ લકઝરી ઈવન ઈન નોનલકઝરીયસ થિંગ્સ.....ઓકૈ્સ...પીપલ્સ..!! આગળ પૂછ્યું એ હે કે નઈ...નો જવાબ હા કે નાં માં આપવાને બદલે અચૂક આવો જ અપાઈ જશે કે...હા, એની પણ એક મજ્જા હતી...!!

વિસામો ::

પાછળ વળીને જોઈએ ત્યારે એમ થાય કે અગવડતા માં જ સાચી સગવડતા હતી.